सत्यमेव जयते

**GJBT020028372020**

કેસ રજુ તા. ૨૪–૧૧–૨૦
દાખલ તા. ૨૪–૧૧–૨૦
ફેંસલ તા. ૦૬–૦૫–૨૬
અવધિઃ– વર્ષ માસ દિવસ

**બોટાદના મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

ફોજદારી કેસ નં. ૧૭૪૯/૨૦
આંક –

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** (૧) વિપુલભાઇ પ્રભુભાઇ ઉગરેજીયા,
ઉ.વ.આ. ૩૪, ધંધો – મજુરી,

(૨) મંજુબેન પ્રભુભાઇ બારૈયા,
ઉ.વ.આ. ૫૮, ધંધો – ઘરકામ,

બંને રહે. પાળીયાદ પાણીની ટાંકી પાસે, તા. જી. બોટાદ.

**ગુનોઃ–** ઇ.પી.કો. કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૬(૨), ૧૧૪, તથા
જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ ...

---

ફરિયાદપક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી – ડૉ. રાકેશભાઇ આર. જાની
આરોપીઓ તરફે વિદ્ધાન વકીલશ્રી – પી. એ. રાવલ.

---

## –: ચુકાદો :–

**૧.)** ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

ગઈ તા.૧૫–૦૫–૨૦૨૦ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યાના સુમારે ફરિયાદી તેમના ઘરે હતા ત્યારે આરોપીના ઘરે તેના સંબંધીની દિકરીઓ રોકાયેલ હોય ફરિયાદીના ઘર પાસે દરરોજ કહ્યા વગર આવતી હોય અને તે સમયે લોકડાઉન હોય છોકરીઓને "*શું કામ મારા ઘર પાસે આવો છો?* " તેવો ઠપકો આપતાં આરોપી નં. ૧ નાએ પોતાના હાથમાં લાકડી લઇ આવી લાકડીનો એક ઘા ફરિયાદીના ડાબા પગના

નળા પાસે જોરદાર મારી, ફ્રેક્ચર જેવી ઈજા પહોંચાડેલી. તેમજ આરોપી નં. ૨ નાએ પોતાના હાથમાં લાકડી વડે ફરિયાદીના પડખામાં એક ઘા મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી, હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનામાં આરોપીએ એકબીજાની મદદગારી કરેલી.

જે અંગેની ફરિયાદ ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલી.

જે પાળીયાદ પો.સ્ટે.ના ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૫૨ ૦૦૪૮૮/૨૦ થી ઇ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે ત.ક.અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી પંચનામાઓ તૈયાર કરી, સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપીઓ સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિદ્ધાન વકીલશ્રી મારફત હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ **આંક–૦૭ થી તહોમતનામુ** ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીની **આંક–૦૮ અને આંક–૦૯ થી પ્લી** નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરી, પોતે ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** આ કામે ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**–: મૌખિક પુરાવાઓ :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| **૧.** | ૧૬ | સાહેદ કમલેશભાઇ બાબુભાઇ ઉગરેજીયા ની જુબાની |
| **૨.** | ૧૭ | સાહેદ કરણભાઇ બહાદુરભાઇ ઉગરેજીયા ની જુબાની |
| **૩.** | ૧૯ | પંચ સાહેદ જયેશભાઇ મુળજીભાઇ મારૂ ની જુબાની |

| | | |
|---|---|---|
| ૪. | ૨૨ | પંચ સાહેદ પ્રવિણભાઇ કેશાભાઇ કટેસીચા ની જુબાની |
| ૫. | ૨૪ | પંચ સાહેદ વલ્લભભાઇ શામજીભાઇ ચૌહાણ ની જુબાની |
| ૬. | ૨૫ | પંચ સાહેદ રાહુલભાઇ નાગજીભાઇ બગોદરીચા ની જુબાની |
| ૭. | ૩૦ | સાહેદ ઇકબાલભાઇ અમીનભાઇ કથીરી ની જુબાની |
| ૮. | ૩૨ | સાહેદ ગીતાબેન દલાભાઇ ઉગરેજીચા ની જુબાની |
| ૯. | ૩૩ | સાહેદ નિલેશભાઇ દલાભાઇ ઉગરેજીચા ની જુબાની |
| ૧૦. | ૩૫ | ત.ક.અ. રસીકભાઇ પરશોત્તમભાઇ હાંડા ની જુબાની |

**–: દસ્તાવેજી પુરાવાઓ :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૦ | આરોપીની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ |
| ૨. | ૨૩ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |
| ૩. | ૩૧ | ફરિયાદની ખરી નકલ |
| ૪. | ૩૬ | હથિયારબંધીના જાહેરનામાની ખરી નકલ |

૪.) ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક સ્વરૂપે જાહેર કરેલ છે.

ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ વિરૂધ્ધની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ વિરૂધ્ધ તદ્દન ખોટો કેસ કરેલ હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ આ કામે વિશેષમાં તેઓએ કાંઇ કહેવુ નથી કે બચાવપક્ષે કોઇ સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

૫.) ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષની હકીકતો મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી.

જ્યારે આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી પી.એ.રાવલ ની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, બનાવના નજરે જોનાર કોઇ સાહેદો નથી. તેમજ હાલના આરોપીઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. જેથી તેઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

**૬.)** ઉપરોકત ફરિયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ગઈ તા.૧૫-૦૫-૨૦૨૦ ના રોજ કલાક ૦૯:૩૦ વાગ્યાના સુમારે ફરિયાદી તેમના ઘરે હતા ત્યારે આરોપીના ઘરે તેના સંબંધીની દિકરીઓ રોકાયેલ હોય ફરિયાદીના ઘર પાસે દરરોજ કહ્યા વગર આવતી હોય અને તે સમયે લોકડાઉન હોય છોકરીઓને "*શું કામ મારા ઘર પાસે આવો છો?*" તેવો ઠપકો આપતાં આરોપી નં. ૧ નાએ પોતાના હાથમાં લાકડી લઈ આવી લાકડીનો એક ઘા ફરિયાદીના ડાબા પગના નળા પાસે જોરદાર મારી, ફ્રેક્ચર જેવી ઈજા પહોંચાડેલી. તેમજ આરોપી નં. ૨ નાએ પોતાના હાથમાં લાકડી વડે ફરિયાદીના પડખામાં એક ઘા મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી, હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનામાં આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, ઇ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૫, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**૭.)** ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી.

ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે,

પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઇ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઇ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે, તેમાં વિરોધાભાસ અને અતિરેકના કારણે ફરિયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઇએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઇએ નહી. સાહેદે આપેલી જુબાની કઇ પરિસ્થિતિમાં આપેલ છે, કઇ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઇએ.

સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**<u>સાહેદોના પુરાવાઓઃ-</u>**

૮.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧** કમલેશભાઇ બાબુભાઇ ઉગરેજીયા ને આંક-૧૬ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી.

સદરહુ સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી.

ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિદ્ધાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ જેમાં તેમણે એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ફરિયાદી દલાભાઇ પ્રાગજીભાઇ તેમના કાકા થાય છે. તેમણે આરોપી નં. ૧ વિપુલભાઇને ઠપકો આપતાં, વિપુલભાઇ ઉશ્કેરાઇ જઇ લાકડીનો એક ઘા ફરિયાદીને ડાબા પગના નળા ઉપર મારેલ.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ હાજર ન હોય બનાવ તેમણે નજરે જોયેલ નથી.

૯.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨** કરણભાઇ બહાદુરભાઇ ઉગરેજીયા ને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી.

સદરહુ સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિદ્ધાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં સાહેદે ફરીયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ નથી.

–> બચાવપક્ષે સદરહુ સાહેદની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

૧૦.) ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૮** ગીતાબેન દલાભાઇ ઉગરેજીયા ને આંક–૩૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના પતિ ઘરે બેસી રહેતા હોય જે બાબતે તેમની બાજુમાં રહેતા વિપુલભાઇએ ઘરે આવી તેમના પતિને બે સોટા પગના ભાગે મારેલ. જેથી તેમના પતિ હાલ પણ લંગડા છે. તેમના પતિને પ્રથમ બોટાદ દવાખાને સારવાર માટે લાવેલ. જ્યાં તેમના પતિએ હાલની ફરિયાદ આપેલી. પોલીસે બનાવ બાબતે તેમની પુછપરછ કરેલી.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, ફરિયાદી દલાભાઇ પ્રાગજીભાઇ તેમના પતિ થાય છે. પગમાં મારેલ ત્યારબાદ તેઓ બીમાર રહે છે. ઝઘડાની ચોક્કસ તારીખની તેમને ખબર નથી. બનાવ સમયે તેઓ પાણી ભરવા ગયેલ હોય બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમને પોલીસને મળવાનું થયેલ નથી.

**૧૧.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૯** નિલેશભાઇ દલાભાઇ ઉગરેજીયા ને આંક–૩૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની ચોક્કસ તારીખની તેમને ખબર નથી. બનાવ આશરે ૪–૫ વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે તેઓ તેમના ઘરે હતાં. તેમના પિતાનું મગજ ખરાબ હોય પાડોશીએ ગીતો વગાડવાની ના પાડેલ, જે તેમણે બંધ ન કરતાં બાજુમાં રહેતા વિપુલભાઇ લાકડી લઇને આવેલાં અને તેમના પિતાને લાકડીનો ઘા પગના ભાગે મારેલ. જેમાં તેમના પિતાનો પગ ભાંગી ગયેલ. જેથી તેમને પ્રથમ બોટાદ દવાખાને સારવાર માટે લઇ ગયેલ અને ત્યારબાદ ભાવનગર લાલ દવાખાને લઇ ગયેલ. તેમના પિતાને પગની દવા હાલ ચાલુ છે અને તેઓ માંડ થોડુ થોડુ ચાલી શકે છે. જે બાબતે તેમના પિતાએ ફરિયાદ કરેલી.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે, બનાવની ચોક્કસ તારીખની તેમને ખબર નથી. બનાવ સમયે તેઓ ઘરે હાજર ન હતાં, બનાવ બાદ આવેલાં. સાહેદની રૂબરૂમાં મારેલ હોય તેવું બનેલ નથી. તેમને ક્યારેય પોલીસને મળવાનું બનેલ નથી. તેમના પિતા ૪–૫ વર્ષથી બીમાર છે અને ખાટલાવશ છે. માર્યા બાદ તેમના પિતા ઘરની બહાર નીકળી શકે તેમ નથી. આરોપી વિપુલભાઇ તેમના ગામના હોય સાહેદ તેમને ઓળખે છે.

सत्यमेव जयते

**<u>પંચસાહેદોના પુરાવાઓઃ–</u>**

**૧૨.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૩ પંચ** જયેશભાઇ મુળજીભાઇ મારૂ ને આંક–૧૯ થી તથા **સાહેદ નં. ૬ પંચ** રાહુલભાઇ નાગજીભાઇ બગોદરીયા ને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેમાં પંચનામુ શેનું હતું તેની તેઓને ખબર નથી. તેમજ તેઓને આરોપીની અટક કર્યા અંગેનું પંચનામુ બતાવતાં તેઓ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે **આંક–૨૦** થી રજુ કરેલ છે.

સદરહુ પંચસાહેદોએ તેમના પંચનામા અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં પંચસાહેદે ફરીયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

–> બચાવપક્ષે સદરહુ પંચ સાહેદ નં. ૩ ની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. જ્યારે પંચ સાહેદ નં. ૬ ની ઉલટતપાસ કરતાં તેઓએ એક તૈયાર પંચનામામાં પોતાની સહી કરેલ હોવાનું જણાવેલ છે.

**૧૨.૧)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૪ પંચ** પ્રવિણભાઈ કેશાભાઈ કટેસીયા ને આંક–૨૨ થી તથા **સાહેદ નં. ૫ પંચ** વલ્લભભાઈ શામજીભાઈ ચૌહાણ ને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસેલાં છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ દુકાને હતા ત્યારે તેમને સહી કરવાનું કહેતાં તેમણે સહી કરેલી. સાહેદોને બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવતાં તેઓ તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે **આંક–૨૩** થી રજુ કરેલ છે.

સદરહુ પંચસાહેદોએ તેમના પંચનામા અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં પંચસાહેદે ફરીયાદપક્ષને અનુરૂપ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

–> જ્યારે સદરહુ પંચસાહેદોની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓએ એક તૈયાર પંચનામામાં તેમની સહી કરેલી.

**<u>ફરિયાદ નોંધનાર સાહેદનો પુરાવોઃ–</u>**

**૧૩.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૭ ઈકબાલભાઈ અમીનભાઈ કથીરી ને આંક–૩૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, ગઈ તા.૧૬–૦૫–૨૦૨૦ ના રોજ બોટાદ પો.સ્ટે.માં તેઓ એ.એસ.આઈ. તરીકે પોતાની ફરજ ઉપર હતા ત્યારે ફરિયાદીએ હાલની ફરિયાદ કરેલ. જે હે.કો. એસ.બી.કનાડા રૂબરૂ આપેલ. જેમાં સાહેદ હે.કો. એસ.બી. કનાડાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે **આંક–૩૧** થી રજુ કરેલ છે. જે ફરિયાદ રજીસ્ટર થવા સારૂ આવતાં સાહેદે ફરિયાદ રજીસ્ટર કરી, ત્યારબાદ આગળની તપાસ આર.પી.હાંડા નાઓને સોંપેલી.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે માત્ર ફરિયાદ રજીસ્ટર કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ ન હોવાનું જણાવેલ છે.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવોઃ–</u>**

**૧૪.)** ફરિયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧૦ રસીકભાઈ પરશોત્તમભાઈ હાંડા ને આંક–૩૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, પાળીયાદ પો.સ્ટે. ના ગુના રજીસ્ટ્રેશન નં. ૪૮૮/૨૦, તા.૧૫–૦૫–૨૦૨૦ ના રોજ ફરિયાદીની હાલની ફરિયાદ પી.એસ.ઓ. આઇ.એ.કથેરીએ રજીસ્ટરે લઈ આગળની તપાસ સાહેદને સોંપેલી. જેથી સાહેદે તપાસ સંભાળી, જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, જીલ્લા મેજી.શ્રી, બોટાદનું હથિયારબંધીનું જાહેરનામુ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે આ કામે **આંક–૩૬** થી રજુ કરેલ છે.

વધુમાં, આ કામે આંક–૨૦ થી રજુ થયેલ આરોપીની અટક કર્યા અંગેનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું લખેલું. જેમાં સાહેદે તેમની હાજરીમાં પંચોની સહીઓ લીધેલી. તેમજ આંક–૨૩ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું લખેલું. જેમાં સાહેદે તેમની હાજરીમાં પંચોની સહીઓ લીધેલી. જ્યારે ભોગબનનાર/ફરિયાદી પાગલ અવસ્થામાં હોય તેમજ તેના પગે હાડકુ નીકળી ગયેલ હોય અને તે ઉંમર લાયક હોય નામદાર અદાલતમાં આવી શકે તેમ નથી. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, તપાસના કામે ફરિયાદીનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. તેમજ હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. ફરિયાદીએ બનાવવાળી જગ્યા બતાવેલ નથી. ફરિયાદીએ ફરિયાદ કરેલ ત્યારે તેઓ સંપુર્ણ તંદુરસ્ત અને સભાન અવસ્થામાં તથા સમજી શકે તેવી પરિસ્થિતિમાં હતાં. હાલ ફરિયાદીની જેવી સ્થિતિ જણાવેલ છે તેવી ફરિયાદીએ ફરિયાદ દાખલ કરેલ ત્યારે ન હતી. હાલની તપાસ મળ્યા બાદ તા.૧૬–૦૬–૨૦૨૦ ના રોજ તમામ સાહેદોના નિવેદનો નોંધેલાં.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**૧૫.)** આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, આંક–૧૬ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓ બનાવ વીશે કાંઈ જાણતા ન હોય આ સાહેદને વિમુખ જાહેર કર્યા બાદ પોલીસ નિવેદનની અમુક હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે પરંતુ આ હકીકત સાહેદે પુરાવામાં સૌપ્રથમ વખત જણાવેલ

નથી અને તે બાબતે કોઈ ખુલાસો પણ કરેલ નથી. જ્યારે આ સાહેદની ઉલટતપાસ જોતાં તેઓ બનાવ સમયે હાજર ન હતાં અને બનાવ તેમણે નજરે જોયેલ ન હોય આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**૧૫.૧)** આંક–૧૭ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓ બનાવ વીશે કાંઈ જાણતા ન હોય આ સાહેદને વિમુખ જાહેર કર્યા બાદ પોલીસ નિવેદનની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. જે ધ્યાને લેતાં આ સાહેદને બનાવ બાબતે કાંઈ ખબર ન હોય આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**૧૫.૨)** આંક–૧૯ તથા આંક–૨૫ થી રજુ પંચસાહેદોનો પુરાવો ધ્યાને લેતાં આ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો ન હોય તેઓને વિમુખ જાહેર કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જ્યારે આ પંચસાહેદોની ઉલટતપાસ જોતાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી. જે ધ્યાને લેતાં આંક–૨૦ થી રજુ આરોપીની અટક તથા મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ આ પંચસાહેદોની હાજરીમાં કરવામાં આવેલ હોય તેવું માની શકાય નહી.

**૧૫.૩)** આંક–૨૨ તથા આંક–૨૪ થી રજુ પંચસાહેદોનો પુરાવો ધ્યાને લેતાં આ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો ન હોય તેઓને વિમુખ જાહેર કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જ્યારે આ પંચસાહેદોની ઉલટતપાસ જોતાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી. જે ધ્યાને લેતાં આંક–૨૩ થી રજુ બનાવવાળી જગ્યાનું પંચનામુ આ પંચસાહેદોની હાજરીમાં કરવામાં આવેલ હોય તેવું માની શકાય નહી.

**૧૫.૪)** આંક–૩૦ થી રજુ પી.એસ.ઓ.નો પુરાવો ધ્યાને લેતાં તેઓએ હે.કો. કનાડાની રૂબરૂની ફરિયાદ રજીસ્ટર કરેલી, જે આંક–૩૧ થી રજુ કરેલ છે. ફરિયાદ રજીસ્ટર કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**૧૫.૫)** આંક–૩૨ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ બનાવમાં તેમની બાજુમાં રહેતા વિપુલભાઈએ તેમના ઘરે આવી તેણીના પતિને પગમાં બે સોટા મારેલ. જ્યારે આ સાહેદની ઉલટતપાસ જોતાં ઝઘડાની ચોક્કસ તારીખ તેમને યાદ નથી. તેમજ બનાવ સમયે તેઓ પાણી ભરવા ગયેલ. પોલીસને મળવાનું બનેલ નથી. જે ધ્યાને લેતાં આ સાહેદ બનાવ સમયે બનાવવાળી જગ્યાએ હાજર ન હોય તેમજ પોલીસે આ સાહેદની પુછપરછ કરેલ ન હોય આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી

શકાય તેમ નથી.

**૧૫.૬)** આંક–૩૩ થી રજુ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં બનાવ વખતે તેમના પિતાનું મગજ ખરાબ હોય પડોશીએ ગીતો વગાડવાની ના પાડતાં તેઓએ બંધ કરેલ ન હોય તેમના પડોશી વિપુલભાઈ લાકડી લઈ આવી તેમના પિતાને લાકડી વડે પગમાં મારેલું. જેથી તેમના પિતાનો પગ ભાંગી ગયેલો. જ્યારે આ સાહેદની ઉલટતપાસ જોતાં બનાવ બનેલો ત્યારે તેઓ ઘરે હાજર ન હતાં. તેમજ તેમની રૂબરૂ કોઈ ઈજા કરેલ હોય તેવું બનેલ નથી. પોલીસને મળવાનું બનેલ નથી. તેમના પિતા ૪–૫ વર્ષથી બીમાર છે અને ખાટલાવશ હોય ઘરની બહાર નીકળી શકતા નથી. જે ધ્યાને લેતાં આ સાહેદ બનાવ સમયે બનાવવાળી જગ્યાએ હાજર ન હોય તેમજ પોલીસે આ સાહેદની પુછપરછ કરેલ ન હોય આ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**૧૫.૭)** આંક–૩૩ થી રજુ તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તપાસના કામે આરોપીઓની અટક કરી, સાહેદોના નિવેદનો મેળવી જરૂરી પંચનામા પંચો રૂબરૂ તૈયાર કરી, બનાવ સમયે હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોય તપાસના કામે સામેલ રાખેલ. આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. જ્યારે આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતાં તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. ફરિયાદીએ ફરિયાદ કરેલ ત્યારે સંપુર્ણ સભાન અવસ્થામાં હતાં અને સમજી શકે તેવી પરિસ્થિતિમાં હતાં. ફરિયાદીએ ગુનાવાળી જગ્યા બતાવેલ નથી. તેમજ જણાવેલ છે કે, ફરિયાદી હાલ પાગલ અવસ્થામાં હોય તેના પગનું હાડકુ નીકળી ગયેલ હોય અને ઉંમર લાયક હોય કોર્ટમાં આવી શકે તેમ નથી. સદર કામે ચાર્જશીટ સાથે કોઈ સારવાર સર્ટીફીકેટ રજુ થયેલ નથી.

**૧૫.૮)** આ કામે ફરિયાદીની પત્ની તથા ફરિયાદીના પુત્રનું આંક–૩૨ તથા આંક–૩૩ થી રજુ પુરાવો જોતાં ફરિયાદી ઘણા વર્ષોથી બીમાર હોય અને ખાટલાવશ હોય બહાર નીકળી શકે તેમ નથી. તેમજ તપાસ કરનાર અમલદારે પણ આ જ હકીકત જણાવેલ છે. જે ધ્યાને લેતાં ફરિયાદીનો પુરાવો નોંધી શકાયેલ નથી.

આ કામે ફરિયાદપક્ષના સાહેદોના પુરાવાથી આરોપીઓએ ફરિયાદ મુજબનો ગુનો કરેલ હોય તે હકિકત શંકારહિત રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે તપાસ કરનાર અમલદારના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**૧૬.)** વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના **ભલીન્દ્રસિંગ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ, એસ.સી પાના નં.૬૨,** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,

> "Prosecution has to establish his case on its own legs. weakness of defence can not be used as circumstances in favour of prosecution."

તેમજ પુરાવાના કાયદાની કલમ-૧૦૧ની જોગવાઇ જોવામાં આવે તો, જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકિકતોની સાબિતીના અસ્તીત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હક્ક અથવા જવાબદારી વિષે કોઈ બીજો ન્યાયાલય ફેસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે તે હકિકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યક્તિ, કોઈ હકિકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યક્તિ ઉપર છે તેમ કહેવાય.

તે પ્રમાણે અન્ય એક ચુકાદો **શિવ ચરણસિંહ વિરૂધ્ધ ચંદ્રભાણ, એ.આઈ.આર. ૧૯૯૮, સુ.કો. પાના નં.૬૩૭** માં પ્રસ્થિાપિત સિધ્ધાંત પ્રમાણે જે પક્ષકાર સાબિતીનો બોજો હોય તેણે સફળ થવા માટે નિઃશંક પણે કેસ સાબિત કરવો જોઈએ અને તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ પ્રતિસ્પર્ધીના કેસની નબળાઈનો લાભ ઉઠાવી શકતો નથી. તેણે તેના પોતાના હક્કના આધારે સફળ થવુ જોઈએ અને પોતાના કેસની સ્પષ્ટ સાબિતી આપવી જોઈએ.

**૧૭.)** આ સંજોગોમાં આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર થઈ શકે તેમ ન હોય, ત્યારે ફરિયાદપક્ષ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, તેમજ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ જે તેણે આ કામે પુરવાર કરેલો ન હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.)** આ કામના આરોપી (૧) વિપુલભાઈ પ્રભુભાઈ ઉગરેજીયા, તથા (૨) મંજુબેન પ્રભુભાઈ ઉગરેજીયા ને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૫, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ સમય સુધીના જામીન રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ હથિયારોનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૬ મી મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૦૬–૦૫–૨૦૨૬.
મુ. બોટાદ.
વિશાલ

(મનન એસ. સોની)
ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, બોટાદ.
(જી.જે. ૦૧૨૬૨)